ઉરે સદા તવ સ્નેહભીની મંજરી મહેકી રહો, પૂર્ણ પ્રાપ્તિની સભરતામાં શેષ જીવન આ વહો...

## રાજ્યમાં વધુ ૩૯૬ નવા કેસ : અમદાવાદમાં ૨૭૭ : ગાંધીનગરમાં ૦૯

ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૭૪ | ૨૪ મે, ૨૦૨૦, રવિવાર; જેઠ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં ઘેરું બનતું કોરોના સંકટ

### છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૬૬૫૪ નવા કેસ અને ૧૩૭ લોકોનાં મોત : કોરોનાના કુલ કેસ ૧૩૦૮૫૯ : ૩૮૬૦ના મોત : ૫૪૦૦૧ લોકો સ્વસ્થ્ય થયા



ન્યુ દિલ્હી,તા.૨૩

ભારતમાં વૈશ્વિક મહામારી કોરોના વાઈરસના સંક્રમણને રોકવા એક પછી એક ચાર-ચાર લોકડાઉન લગાવવા છતાં કોરોના પોઝીટીવ કેસો ઓછા થવાને બદલે વધી રહ્યાં હોય તેમ છેલ્લાં ૨૪ કલાક દરમ્યાન ૬,૬૫૪ કેસ નોંધાયા છે જે અત્યારસુધીમાં ૨૪ કલાકમાં નોંધાયેલા સૌથી વધારે કેસ છે. તેની સાથે વધુ ૧૩૭ લોકોના મોત પણ થયા છે. અને દેશમાં કોરોના સંક્રમિત કેસો સવા લાખ પર પહોંચી ગઈ છે.

ભારતમાં જાન્યુ.ના છેલ્લાં સપ્તાહમાં જ્યારે કોરોનાનો પહેલો કેસ નોંધાયો ત્યારે કોઈએ એવી કલ્પનામા પણ નહીં કરી હોય કે કેસની સંખ્યમાં ભારત ચીનથી આગળ નિકળી જશે. આ રોગનો વાઈરસ જે દેશે ફેલાવ્યો હોવાનું મનાય છે તે ચીનમાં ૮૦ હજાર કરતાં સહેજ વધારે જેટલા કેસો નોંધાયા હતા. જ્યારે ભારત હવે તેનાથી આગળ નિકળી જઈને સવા લાખ સુધી કેસો પહોંચી ગયા છે. જેમાં છેલ્લાં ૨૪ કલાક દરમ્યાન જે ૬૬૫૪ કેસો આવ્યાં તે અત્યારસુધીમાં એક જ દિવસમાં નોંધાયેલા સૌથી વધારે છે.

કેન્દ્ર સરકારે ૨૫ માર્ચના રોજ લોકડાઉન-૧ લાગૂ કર્યો તે પછી તેને લંબાવતા લંબાવતા હવે ૩૧ મે સુધી લંબાવવામાં આવ્યું છે. પરંતુ પોઝીટીવ કેસો ઘટવાને બદલે વધી રહ્યાં હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે. જે નવા ૬૬૫૪ કેસો એક જ દિવસમાં નોંધાયા તેમાં અડધોઅડધ કેસ મહારાષ્ટ્રના છે. ત્યારબાદ તામિલનાડુ અને ત્રીજા નંબરે ગુજરાત આવે છે.

● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં તમામ રિઝર્વેન્શન કાઉન્ટર તબક્કાવાર ખોલાશે : રેલ્વે

નવી દિલ્હી, તા. ૨૩

હવે વિશેષ મુસાફરો ટ્રેનોમાં મુસાફરી કરતાં ૩૦ દિવસ પહેલાં અનામત ટિકિટ લઈ શકશે. રેલવેએ મુસાફરીના ૭ દિવસ પહેલા ટિકિટ બુકિંગની મંજૂરી આપી હતી, જે હવે વધારીને ૩૦ દિવસ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત ૧ જૂનથી દોડતી વિશેષ ટ્રેનોની ટિકિટ બુક કરવા માટે રેલ્વે ધીમે ધીમે તમામ ટિકિટ વિંડોઝ ખોલી રહી છે. રેલવે બોર્ડના અધ્યક્ષ વિનોદકુમાર યાદવે જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં ૧ હજારથી વધુ ટિકિટ કાઉન્ટરો ખોલવામાં આવ્યા છે અને જરૂરિયાત મુજબ કાઉન્ટરો ખોલવાનું ચાલુ રાખશે.

આ ઉપરાંત, આઈઆરસીટીસી એજન્ટો, પોસ્ટ ઓફિસ, સામાન્ય સેવા કેન્દ્રો, વગેરેને પણ ટિકિટ આપવાની મંજૂરી આપવામાં આવી છે. અગાઉ, ટિકિટ બુકિંગને ફક્ત આઈઆરસીટીસી વેબસાઈટ અને એપ્લિકેશન દ્વારા જ મંજૂરી આપવામાં આવી હતી. રિઝર્વેશન એંગ્સ્ટ કેન્સલેશન (આરએસી) ને મોટો આશ્વાસન આપતા તેમણે કહ્યું કે આરએસી ટિકિટની પુષ્ટિ થવાની સંભાવના છે.

## ઓક્સફર્ડની વેક્સિનનું હ્યુમન ટ્રાયલ બીજા ચરણમાં પહોંચ્યું

### એક હજારથી વધુ વોલિન્ટર્સ પર વેક્સિન ટ્રાયલ થયું હ્યુમન પરીક્ષણ સફળ થયા બાદ ૧૦ હજારથી વધુ લોકોને વેક્સિન આપવા માટે તૈયારીઓ કરવામાં આવી રહી છે

લંડન, તા. ૨૩

કોરોના વાયરસની સારવાર માટે યુકેમાં ચાલી રહેલું વેક્સિનનું પરીક્ષણ હવે બીજા તબક્કામાં પહોંચી ગયું છે. આ તબક્કામાં વેક્સિનનું હ્યુમન ટ્રાયલ શરૂ થયું છે. આ પરીક્ષણ સફળ થયા બાદ ૧૦ હજારથી વધુ લોકોને વેક્સિન આપવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે. ભારતે પણ આશા વ્યક્ત કરી છે કે આ વેક્સિનનું હ્યુમન ટ્રાયલ ૮૦ સફળ થશે. જણાવી દઈએ કે ગયા મહિને ઓક્સફોર્ડ યુનિવર્સિટીના સંશોધનકારે વેક્સિનની અસરકારકતા અને સલામતી તપાસવા માટે એક હજારથી વધુ વોલિન્ટર્સ પર વેક્સિનનું હ્યુમન ટ્રાયલ કર્યું હતું. વૈજ્ઞાનિકોએ શુક્રવારે જાહેરાત કરી હતી કે તેઓએ હવે યુકેમાં બાળકો અને વૃદ્ધો સહિત ૧૦૨૬૦ લોકો પર વેક્સિન ટ્રાયલની યોજના છે. ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં રસી વિકસાવવા માટે કામ કરી રહેલી ટીમનું નેતૃત્વ કરી રહેલા એન્ડ્રયુ પોલાર્ડએ જણાવ્યું હતું કે, ક્લિનિકલ અભ્યાસ વધુ સારી પ્રગતિ કરી રહ્યા છે. વૃદ્ધામાં આ રસી કેટલી અસરકારક છે તેની અમે તપાસ કરવા જઈ રહ્યા છીએ. જેથી આ રસી સમગ્ર વસ્તીને સુરક્ષા પૂરી પાડી શકે છે કે કેમ તે ચકાસી શકાય. રસી કેટલા સમયમાં તૈયાર થશે તે

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૫૩૫૮૪૭૬ | ૩૪૧૬૩૮ | ૨૧૭૮૬૬૮ |
| ભારત | ૧૩૦૮૫૯ | ૩૮૬૦ | ૫૪૦૦૧ |
| ગુજરાત | ૧૩૬૬૯ | ૮૩૯ | ૬૧૬૯ |
| ગાંધીનગર | ૨૧૦ | ૧૨ | ૧૧૦ |

## પશ્ચિમ બંગાળ સરકારે સેનાની મદદ માંગી

### ઓરિસ્સા-બંગાળમાં રાહત કાર્યમાં મદદ કરશે : પીવાના પાણીની વ્યવસ્થા તેમજ ડ્રેનેજ ઇન્ફ્રાસ્ટ્રકચરમાં સુધારો કરવો એ પ્રથમ પ્રાથમિકતા છે

નવી દિલ્હી, તા. ૨૩

પશ્ચિમ બંગાળમાં એમ્ફાને કારણે મૃત્યુ પામનારની સંખ્યા ૮૫ થઈ ગઈ છે. રાજ્યમાં વીજળી અને પાણી પુરવઠો અને રાહત કામગીરી માટે દેખાવો શરૂ થયા છે. પશ્ચિમ બંગાળ સરકાર, એનડીઆરએફ અને એસડીઆરએફ રાહત કાર્યમાં રોકાયેલા છે. દરમિયાન, રાજ્યએ સૈન્યની મદદ માંગી છે. પશ્ચિમ બંગાળ સરકાર વતી, ગૃહ મંત્રાલયે એક નિવેદન બહાર પાડતાં કહ્યું, 'રાજ્ય સરકાર ૨૪૭૭ રાહત કાર્ય અને આવશ્યક ચીજોની પુનઃસ્થાપનામાં રોકાયેલ છે. રાજ્ય સરકારે સૈન્યની મદદ માંગી છે. એનડીઆરએફ, એસડીઆરએફની ટીમ તૈનાત કરવામાં આવી છે. તેમજ રેલ્વે, બંદરો અને ખાનગી ક્ષેત્રની મદદ લેવામાં આવી છે. સરકારે કહ્યું કે પીવાના પાણીની વ્યવસ્થા અને ડ્રેનેજ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો કરવો એ અમારી પ્રાથમિકતા છે. જરૂર પડે ત્યાં જનરેટર લગાવવામાં આવી રહ્યા છે. ચક્રવાતમાં પડી ગયેલા વૃક્ષોને દૂર કરવા માટે અનેક વિભાગોની મદદ લેવામાં આવી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર



## છેલ્લે... છેલ્લે...

- કોરોના સંકટ વચ્ચે સિક્કિમમાં ૧૫ જૂનથી સ્કૂલ-કૉલેજો શરૂ થશે.
- દેશમાં પોલીસકર્મીઓ, અર્ધસૈનિક દળ અને સ્વાસ્થ્યકર્મીઓને પણ હાઈડ્રોક્સિક્લોરોક્વિન અપાશે
- એલએસી પર તણાવ વચ્ચે સેના પ્રમુખે લેહની મુલાકાત લેતા ચીન ભડક્યુ
- લો બોલો! મુંબઈથી મજૂરોને લઈને ગોરખપુર જતી ટ્રેન ઓડિશા પહોંચી
- પૂર્વ ધારાસભ્ય ભરત કાબલિયાનાના પુત્રનું અમેરિકામાં કોરોના વાયરસથી મોત
- કેડિલા ફાર્મામાં કામ કરતા ત્રણ કર્મીના કોરોનાથી મોત
- એલઓસી પર તણાવ વચ્ચે સેના પ્રમુખે લેહનીમુલાકાત લેતા ચીન ભડક્યુ
- અમેરિકામાં બધા ચર્ચ-મંદિર ખોલવા ડોનાલ્ડ ટ્રમ્પનો હુકમ
- દેશમાં સૌથી કોરોના સંક્રમિત રાજ્યો.

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૪૭૧૯૦ |
| તામીલનાડુ | ૧૫૫૧૨ |
| ગુજરાત | ૧૩૬૬૯ |
| દિલ્હી | ૧૨૯૧૦ |
| રાજસ્થાન | ૬૬૫૭ |
| મધ્યપ્રદેશ | ૬૩૭૧ |
| ઉત્તરપ્રદેશ | ૫૭૩૫ |

## આત્મનિર્ભર ભારતનો અર્થ એ નથી કે આયાત બંધ કરી દઈશું : સીતારામન

### ફિક્કીના પ્રતિનિધિઓ સાથેની બેઠકમાં નાણાંમંત્રીનું નિવેદન : આત્મનિર્ભર બનવા માટે આપણે સંરક્ષણવાદી ન બની શકીએ, આયાત પર અંકુશ નહીં આવે

ન્યુ દિલ્હી,તા.૨૩

દેશ કોરોના સંકટનો સામનો કરી રહ્યું છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી મોટા પાયે આત્મનિર્ભર અભિયાનની શરૂઆત કરી છે. સરકારે લોકડાઉનના કારણે મંદ પડેલ અર્થતંત્રને વેગ આપવા માટે સ્પેશીયલ પેકેજની પણ જાહેરાત કરી છે ત્યારે આત્મનિર્ભર ભારત અભિયાનના કારણે આયાત મુદ્દે ઘણી આશંકાઓ સેવાઈ રહી છે ત્યારે ફિક્કીના પ્રતિનિધિઓ સાથેની એક બેઠકમાં નાણામંત્રીએ મોટું નિવેદન આપ્યું છે.

દેશના નાણામંત્રી નિર્મલા સીતારમણે ફિક્કીના અધિકારીઓ સાથેની બેઠકમાં કહ્યું કે 'આત્મનિર્ભર ભારતનો અર્થ એ નથી કે અમે આયાત પર અંકુશ લગાવી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અભિયાનનો અર્થ છે આપણી તાકાત પાછી મેળવવી અને નવી તાકાતનું નિર્માણ પણ કરવું.'

● અનુસંધાન પાન-૭ પર

## અમેરિકાએ ચીનની ૩૩ કંપનીઓને બ્લેકલિસ્ટ કરી

વૉશિંગ્ટન,તા.૨૩

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ કોરોના વાયરસને લઈને સતત ચીન પર આકરા પ્રહારો કરી રહ્યા છે. ચીની સ્ટૉક માર્કટમાંથી અબજો ડોલર અમેરિકન પેન્શન ફંડ પરત લેવાની જાહેરાત બાદ અમેરિકાએ ચીનની ૩૩ કંપનીઓને બ્લેકલિસ્ટ કરી છે. અમેરિકા એવી કંપની અને સંસ્થાઓને બ્લેકલિસ્ટ કરી રહી છે જે કથિત રીતે ચીનના સૈન્ય સાથે જોડાયેલી છે. ટ્રમ્પ સતત આરોપ લગાવી રહ્યા છે કે કોરોના વાયરસ ચીનની વુહાન લેબમાં તૈયાર થયો હતો અને તેને જાણી જોઈને દુનિયામાં ફેલાવવામાં આવ્યો હતો.

અમેરિકાના વાણિજ્ય મંત્રાલયે એક નિવેદન બહાર પાડીને કહ્યું છે કે, "સાત કંપની અને બે સંસ્થાને બ્લેકલિસ્ટ કરી દેવામાં આવી છે. આ કંપનીઓ ઉઈગર અને અન્ય લોકોના માનવાધિકારના હનનના ચીનના અભિયાન સાથ જોડાયેલી હતી. આ અભિયાન અંતર્ગત મોટી સંખ્યામાં લોકોને કારણ વગર કસ્ટડીમાં લેવામાં આવે છે અને તેમની પાસે મજૂરી કરાવવામાં આવે છે અને તેમના પર નજર રાખવામાં આવે છે." આ ઉપરાંત બે ડઝન અન્ય કંપની, સંસ્થાઓ અને વેપાર સંગઠનોને ચીનની કંપનીને સામાન પહોંચાડવાને કારણે બ્લેકલિસ્ટમાં નાખવામાં આવી છે.

બ્લેકલિસ્ટ કરવામાં આવેલી કંપનીઓ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (છેં) અને ફેશિયલ રેકગ્નાઈઝેશન જેવા ટેક્નોલોજીના ક્ષેત્રમાં કામ કરે છે. નોંધનીય છે કે અમેરિકાની જ મોટી કંપની જેમાં ઈન્ટેલ કોર્પ અને એનવીડિયા કોર્પ શામેલ છે જેમણે તેમાં મોટું રોકાણ કર્યું હતું. બ્લેકલિસ્ટ કરવામાં આવેલી કંપનીમાં ચીનની નેટપોસાનું નામ સામેલ છે.

## વિશ્વમાં કોરોના આતંક યથાવત

### મોતનો આંક વધીને ૩૩૫૧૬૨ થયો : ૨૦૯૭૪૦૨ રિકવર : કેસોની સંખ્યા વધીને ૫૨૨૦૭૯૯ પર પહોંચી

નવી દિલ્હી,તા.૨૩

વિશ્વભરમાં કોરોના વાયરસનો આતંક યથાવતરીતે જારી રહ્યો છે. ૨૧૦ દેશોમાં કોરોનાએ આતંક મચાવ્યો છે અને હવે વિશ્વભરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૫૨૨૦૭૯૯ સુધી પહોંચી ગઈ છે એટલે કે આંકડો ૫૧ લાખથી પણ ઉપર પહોંચી ચુક્યો છે. વિશ્વમાં કોરોનાગ્રસ્ત દેશોની હાલત ખુબ જ ખરાબ બનેલી છે. કોરોના કારણે અર્થતંત્ર પર પણ ભારે નુકસાન થઈ રહ્યું છે. દુનિયાભરમાં રિકવર થયેલા લોકોની સંખ્યા ૨૦૯૭૪૦૨ સુધી પહોંચી ગઈ છે જ્યારે એક્ટિવ કેસોની સંખ્યા ૨૭૮૮૨૩૫ પર પહોંચી ચુકી છે. આવી જ રીતે દુનિયામાં મોતનો આંકડો પણ વધીને ૩૩૫૧૬૨ ઉપર પહોંચી રહ્યો છે. મોતનો આંકડો પણ ત્રણ લાખથી ઉપર પહોંચી ચુક્યો છે. ગંભીર રહેલા દર્દીઓની સંખ્યા ૪૫૫૧૧ પર પહોંચી ચુકી છે. ભારતમાં પણ હવે સ્થિતી ખરાબ થઈ રહી છે. દુનિયાના ૨૧૦ દેશો કોરોના વાયરસના કારણે પ્રભાવિત બનેલા છે. દેશોની સરકારો આને લઈને ભારે ચિંતિત બનેલી છે.




